# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૧ તા.૨૬-૧-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- ''પરીક્ષા પે ચર્ચા ૨.૦'' કાર્યક્રમ નિહાળવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક પ્રાશિનિ/સંકલન/૨૦૧૯/૮૮૮-૯૪૦ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા.૨૫-૦૧-૧૯ નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, પરિપત્ર નં. ૧૦૮-C તા.૨૨-૧-૧૯માં જણાવ્યા અનુસાર તા.૨૯-૧-૧૯ના રોજ માન. વડાપ્રધાનશ્રી દ્વારા સવારે ૧૧.૦૦ થી ૧૩.૦૦ કલાક દરમ્યાન ''પરીક્ષા પે ચર્ચા ૨.૦'' કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓને સંબોધન કરવાના છે ત્યારે આપની શાળાઓમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના આપના વિસ્તારના વિવિધ પદાધિકારીશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, સ્કૂલબોર્ડ સભ્યશ્રીઓ, આપની એસ.એમ.સી.ના તમામ સભ્યશ્રીઓ તથા અગ્રણી પદાધિકારીશ્રીઓને ઉપસ્થિત રાખવા લેખિત આમંત્રણ પાઠવવું.

સૌ આમંત્રિતોને આ કાર્યક્રમથી અવગત કરવા. શાળામાં સુચારૂ બેઠક વ્યવસ્થા ગોઠવવી જેથી ઉપસ્થિત સૌ આમંત્રિતો, વિદ્યાર્થીઓ તથા વાલીઓ માન. વડાપ્રધાનશ્રીનું વક્તવ્ય યોગ્ય રીતે સાંભળી-નિહાળી શકે. સોમવારે આપની શાળામાં પ્રસારણ સંબંધિત તમામ ચકાસણી કરી લેવી. જો કોઇ શાળામાં સિગ્નલની સમસ્યા હોય તો ટેકનિશીયનની મદદથી સોમવારે જ પ્રશ્ન હલ કરવાનો રહેશે.

સદર કાર્યક્રમ સંબંધિત આપની શાળા તરફથી અપેક્ષિત તમામ આમંત્રિતોને આમંત્રણ અપાઇ ગયું છે, પ્રસારણ ચાલુ છે તે સબબનો રીપોર્ટ આપના સુપરવાઇઝરશ્રીને સોમવારે ૧૨.૦૦ કલાક પહેલાં આપવાનો રહેશે.

તા.૨૬-૧-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી